# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૩૮ તા.૩૦-૧-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :** **ઇનોવેશન ફેરની મુલાકાત લેવા બાબત.**

**સંદર્ભ :** **જીસીઇઆરટી/એજ્યુકેશનલ ઇનોવેશન ફેર/તાલીમ/2015/25286-25322 તા. 22/12/2015.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુ. શિક્ષકશ્રીને જણાવવાનું કે જીસીઇઆરટી ગાંધીનગર, IIM, અમદાવાદ અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, અમદાવાદ શહેરના સંયુક્ત ઉપક્રમે શિક્ષણમાં નવતર પ્રયોગ કરનાર શિક્ષકોને પ્રેરિત કરવાના હેતુથી રાજ્ય કક્ષાએ ઇનોવેશન ફેર આગામી સમયમાં યોજનાર છે, જેના ઉપક્રમે જિલ્લા કક્ષાનો ઇનોવેશન ફેર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ શહેર દ્વારા યોજાઇ રહ્યો છે, જીસીઇઆરટી ગાંધીનગરની સુચના અનુસાર ઇનોવેશન ફેરની મુલાકાત લેવા માટે **પ્રત્યેક શાળા દીઠ એક શિક્ષક**, સી.આર.સી. કો.ઓ.,યુ.આર.સી.કો.ઓ.,સુપર વાઇઝરશ્રીઓને આ પ્રદર્શનનો અવલોકનાત્મક અભ્યાસ કરવાનો છે. જેથી આ પ્રદર્શનમાં આપની શાળા માંથી એક શિક્ષકને ઈનોવેશન ફેરની મુલાકાત માટે મોકલવાના રહેશે.

**તારીખ : 02/02/2016 (ઉત્તર ઝોન, દક્ષિણ ઝોનની શાળાઓ માટે)**
**03/02/2016 (પૂર્વ ઝોન , પશ્ચિમ ઝોનની શાળાઓ માટે)**
**હિન્દી,ઉર્દુઝોનના શિક્ષકોએ યુ.આર.સી. ઝોન પ્રમાણે જવાનું રહેશે.**

**સ્થળ** : રાજપુત સેવા સમાજ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમદાવાદ શહેરની સામે, ગોતા, અમદાવાદ

**સમય** : સવારપાળીના શિક્ષકોએ ૧૨:૩૦ કલાક પછી ઈનોવેશન ફેરની મુલાકાતે જવું.
બપોરપાળીના શિક્ષકોએ ૯:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમ્યાન ઈનોવેશ ફેરની મુલાકાત લઈ પોતાની શાળામાં ફરજિયાત પહોંચવું.

સવારપાળીના શિક્ષકે શાળામાં પૂર્ણ સમય શૈક્ષણિક કામ કર્યા પછી જ ઈનોવેશન ફેરમાં  જવાનું રહેશે. અને બપોરપાળીના શિક્ષકોએ ઈનોવેશન ફેરની મુલાકાત લીધા પછી શાળામાં ફરજિયાત આવવાનું રહેશે.

તા. ૩૦-૧-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી